# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૧૦. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોઈ તેજ વિષય સાથે ફરી થી તે અનુસ્નાતક કક્ષાએ કરી શકશે નહિ.

૧૧. રજિસ્ટ્રેશન અરજી માં ફી ભર્યા ની રશીદ નંબર અને તારીખ જણાવવા, જો વિદ્યાર્થી અનામત વર્ગ નો હોઈ તો તેની કેટેગરી નો સ્પષ્ટ ઉલ્લેખ પણ અવશ્ય કરવો.

૧૨. રજિસ્ટ્રેશન અરજી ઓ યુનિવર્સીટી ને મોકલો ત્યારે તેની સાથે બધાજ વિદ્યાર્થી ઓ ની રજિસ્ટ્રેશન ફી પણ જમા કરાવવી. તે સિવાઈ ફ્રોર્મ સ્વીકારવા માં આવશે નહિ. ફ્રોર્મ સમયસર અચૂક મોકલવા જેથી દંડ ભરવાનો પ્રસંગ ના બને.

૧૩. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓના પુરા નામ-સરનામા, ટકાવારી અને વિષયની મેરીટ યાદી તા. ૩૧/૭/૨૦૧૬ સુધીમાં ફરજીયાત મોકલવાની છે.

૧૪. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિ કે માન. કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. આ બાબતની જવાબદારી સંપૂર્ણ રીતે પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓની રહેશે.

૧૫. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ અનુસ્નાતક વિભાગને અવશ્ય કરવી.

૧૬. વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિવર્સિટી દ્વારા મંજુરી મળી હોય તે જ વિષયો વિદ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો. અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો કૉલેજની જવાબદારી રહેશે.

તેમજ બધા જ વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોંચાડવાની હોવાથી વિદ્યાર્થીઓ વેળાસર રજિસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.